RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 225, Dt.10-12-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મુંબઈમાં બેસ્ટની બસ બેકાબુ બનતા ૭નાં મોત

## ૪૯ને ઈજાઃ ગઈરાત્રે કુર્લા વિસ્તારની ઘટના : ભીડભાડ વિસ્તારમાં બસે તાંડવ મચાવ્યું : કાર – બાઈક ઓટો રસ્તામાં જે આવ્યા તેને ઉલાળ્યા : કાર ચલાવનારને બસ પકડાવી દેવાઈ હતી : ડ્રાઈવર પહેલીવાર ડ્રાઈવીંગ કરતો હતો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

સોમવારે રાત્રે મુંબઈના કુર્લામાં બેસ્ટની બસે ઘણા લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે. ૪૯ ઘાયલોની સારવાર ચાલી રહી છે. તેમને સાયન અને કુર્લા ભાભામાં દાખલ કરવામાં આવ્યા છે.. મુંબઈના ગીચ વસ્તીવાળા વિસ્તાર કુર્લામાં એક સરકારી બસ તેજ ગતિએ પ્રવેશી હતી. આ દરમિયાન સ્પીડમાં આવતી બસે ઘણા લોકોને કચડી નાખ્યા હતા. આખરે બસ એક બિલ્ડીંગના આરસીસી કોલમ સાથે અથડાઈને થંભી ગઈ. પરંતુ બિલ્ડિંગની બાઉન્ડ્રી વોલ ધરાશાયી થઈ હતી. આ દરમિયાન બસે ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ૪૦ વાહનોને ટક્કર મારી હતી. આ ભયાનક દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે જ્યારે ૪૯ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

સવાલ એ છે કે આટલા મોટા અકસ્માત પાછળનું કારણ શું છે? ડ્રાઈવર નશામાં હોવાને કારણે આ અકસ્માત થયો કે બસની બ્રેક ફેઈલ થઈ ગઈ? તે જ સમયે, આ અકસ્માતનું કોઈ ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ઘટના સમયે હાજર સ્થાનિક લોકોનું કહેવું છે કે બસ ડ્રાઈવર નશામાં હતો. દરમિયાન ઉઈઙ ઝોન ૫ ગણેશ ગાવડેએ જણાવ્યું હતું કે આ ઘટનાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે બસ ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો છે. મામલાની તપાસ ચાલુ છે.

આ અકસ્માત કુર્લા વેસ્ટ રેલવે સ્ટેશન રોડ પર આંબેડકર નગરમાં થયો હતો. બસ કુર્લા સ્ટેશનથી અંધેરી જઈ રહી હતી. આ બેસ્ટ બસોનું સંચાલન બળહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (ઈખઈ) દ્વારા કરવામાં આવે છે.

કહેવામાં આવી રહ્યું છે કે આરોપી ડ્રાઈવર સંજય મોરે સોમવારે પહેલીવાર બસ ચલાવી રહ્યો હતો. તેઓ ૧ ડિસેમ્બરે જ બેસ્ટમાં કોન્ટ્રાક્ટ ડ્રાઈવર તરીકે જોડાયા હતા. એવું માનવામાં આવે છે કે તેણે બ્રેકને બદલે એક્સિલરેટર





દબાવ્યું હતું. જેના કારણે આ અકસ્માત થયો હતો.પોલીસે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. મોડી રાતથી તે કસ્ટડીમાં હતો.

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં કુર્લા બસ દુર્ઘટનામાં ઘણા ચોંકાવનારા ખુલાસા થયા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ડ્રાઈવરને બસ ચલાવવાનો કોઈ અનુભવ નહોતો. તે પહેલીવાર બસ ચલાવી રહ્યો હતો. આ પહેલા તે હળવા વાહનો એટલે કે કાર–વાન ચલાવતો હતો. તપાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે ડ્રાઈવરને બેસ્ટ (બળહન્મુંબઈ ઈલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ) દ્વારા કોન્ટ્રાક્ટ પર રાખવામાં આવ્યો હતો. તેઓ ૧ ડિસેમ્બરથી ફરજ પર હતા.

આ અકસ્માત સોમવારે રાત્રે ૯:૫૦ વાગ્યે એસજી બર્વે રોડ પર અંજુમ–એ–ઈસ્લામ સ્કૂલ પાસે, એલ વોર્ડની સામે થયો હતો. મુસાફરોથી ભરેલી બસ કાબૂ બહાર ગઈ અને ભીડભાડવાળા વિસ્તારમાં ઘુસી ગઈ. આ દરમિયાન સ્પીડમાં આવતી બસે ઘણા લોકોને કચડી નાખ્યા હતા. આખરે બસ એક બિલ્ડીંગના આરસીસી કોલમ સાથે અથડાઈને થંભી ગઈ. પરંતુ બિલ્ડિંગની બાઉન્ડ્રી વોલ ધરાશાયી થઈ હતી. આ દરમિયાન બસે ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ૪૦ વાહનોને ટક્કર મારી હતી. આ ભયાનક દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે જ્યારે ૪૯ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

દરમિયાન પોલીસે જણાવ્યું હતું કે બસ ડ્રાઈવરને મોટું વાહન ચલાવવાનો અનુભવ નથી. તે ૧ ડિસેમ્બરથી સરકારી બસ ચલાવતો હતો. હવે ડ્રાઈવરના ઓછા અનુભવને કારણે આવું થયું કે અકસ્માત પાછળ કોઈ અન્ય કારણ છે તેની તપાસ કરવામાં આવી રહી છે. ડ્રાઈવરનું મેડિકલ પણ કરવામાં આવ્યું છે. તેની પૂછપરછ ચાલુ છે.મળતી માહિતી મુજબ અકસ્માતમાં સામેલ બસનો નંબર ખઈ–૦૧, ઊખ–૮૨૨૮ છે. તે બેસ્ટની ઈલેક્ટ્રિક બસ હતી જે કુર્લા સ્ટેશનથી અંધેરી તરફ જઈ રહી હતી.

# ગુજરાતમાં કાશ્મીરનો અનુભવ કરાવતી ઠંડી

## એક જ દિવસમાં ૧થી ૬ ડિગ્રી તાપમાન ઘટી જતાં લોકો ઠુઠવાઈ ગયા, સિઝનનું સૌથી ઓછું નલિયામાં ૬.૪ ડિગ્રી તાપમાન

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા રાજ્યના લોકોને ધ્રુજાવી દેતી ઠંડીની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી ૭૨ કલાક દરમિયાન અનેક જિલ્લાઓમાં ગાત્રો થીજવી દેતી ઠંડીની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા પણ સૌરાષ્ટ્ર–કચ્છમાં કોલ્ડવેવની અસર વર્તાવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. આજે સવારથી જ રાજ્યમાં લોકો કાશ્મીર જેવી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. તાપમાનનો પારો એક જ રાતમાં ૧થી ૬ ડિગ્રી ઘટી જતાં લોકો ઠૂઠવાઈ ગયા છે. રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું ૬.૪ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે.

રાજ્યમાં ચાલુ સિઝનમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૬.૪ ડિગ્રી નોંધાયું છે. આ ઉપરાંત અન્ય મહત્ત્વનાં શહેરોની વાત કરીએ તો... વડોદરામાં ૧૦.૨ ડિગ્રી, ડીસામાં ૧૦.૩ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૩ ડિગ્રી, ભુજમાં ૧૧.૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૨.૭ ડિગ્રી, અમદાવાદમાં ૧૩.૭ ડિગ્રી અને સુરતમાં ૧૪.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન મોટા ભાગનાં શહેરોમાં ૧થી લઈ ૬ ડિગ્રી સુધીનું તાપમાન ઘટી જતાં જનજીવનને માઠી અસર પડી છે. અચાનક જ આવેલા તાપમાનમાં ઘટાડાના કારણે લોકો ઠંડીથી બચવા માટે ગરમ કપડાં અને તાપણાનો સહારો



લેતા જોવા મળી રહ્યા છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૩.૭ ડિગ્રી નોંધાયું છે, પરંતુ ઠંડીની સાથે સાથે બર્ફીલો પવન ફૂંકાતાં લોકોએ અમદાવાદમાં માઉન્ટ આબુ જેવા વાતાવરણનો અનુભવ કર્યો હતો. અંબાલાલ પટેલે ઠંડીની આગાહી કરતાં જણાવ્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં ઠંડીનું જોર ઘટ્યું હતુ, પરંતુ હાલમાં ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. હાલમાં ધીમી અસરોથી ઠંડી વધતાં હવે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી ૭૨ કલાકમાં ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલ જેવા જિલ્લામાં કાતિલ ઠંડી પડી શકે છે. જોકે આગામી ૧૬થી ૨૨ ડિસેમ્બર દરમિયાન વાદળ વાયુ આવવાથી અરબ સાગરમાં લો પ્રેશર બનવાની શક્યતા રહેશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે બંગાળની ખાડીમાં લોકેશનને કારણે દક્ષિણ ગુજરાતના ભાગોમાં વાતાવરણમાં પલટો આવવાની સાથે હળવા વરસાદી ઝાપટાં પડશે. આ સાથે જૂનાગઢ સહિત અન્ય દરિયાકાંઠાના જિલ્લાઓમાં તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે તથા લઘુતમ તાપમાન ઘટતાં ઠંડીનો ચમકારો અનુભવાશે. ઉલ્લેખનીય છે કે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં આગામી ૭૨ કલાક ઠંડીનું મોજું ફરી વળવાની શક્યતા હવામાન વિભાગ સાથે અંબાલાલ પટેલે પણ વ્યક્ત કરી છે.

# રાજયસભાના સભાપતિ જગદીપ ધનખડ સામે વિપક્ષોનો મહાભિયોગ પ્રસ્તાવ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશની સંસદમાં લાંબા સમયથી સરકાર અને વિપક્ષ વચ્ચે સતત સર્જાઈ રહેલા ઘર્ષણ તથા આક્ષેપબાજી વચ્ચે હવે વિપક્ષોએ સંયુક્ત રીતે ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભાના સભાપતિ જગદીપ ધનખડ સામે ઈમ્પીચમેન્ટ–મહાભિયોગની દરખાસ્ત હવે તનાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

શ્રી ધનખડના રાજયસભાના સભાપતિ તરીકે આગમનથી જ વિપક્ષો સાથે સતત ટકકર થઈ રહી છે અને બન્ને તરફના સંબંધો ખૂબજ તનાવભર્યા અને આક્ષેપબાજી ભર્યા રહ્યા છે અને હવે વિપક્ષના નઈન્ડીયાથ ગઠબંધને ધનખડ સામે અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યા છે. જો કે રાજયસભામાં સભાપતિને (વાઈસ પ્રેસીડેન્ટ) દુર કરી શકાય તેટલી બહુમતી વિપક્ષ પાસે નથી તેથી



દરખાસ્તનું પતન થશે પણ તેની ચર્ચામાં નવા રાજકીય વિવાદ તથા આક્ષેપબાજી થઈ શકે છે.

અદાણી મુદે કોંગ્રેસને સાથ નહી આપનાર તૃણમુલ કોંગ્રેસ તથા સમાજવાદી પક્ષે જો કે રાજયસભાના સભાપતિ સામેની અવિશ્વાસ પ્રસ્તાવમાં સહી કરી છે. બંધારણની કલમ ૬૭(બી) હેઠળ અપાયેલી આ નોટીસ પર આગામી દિવસોમાં વિચારણા થશે. જો કે તેના માટે ૧૪ દિવસનો સમય પસાર કરવો જરૂરી છે તેથી સંસદનું વર્તમાન સત્ર જે તા.૨૦ ડિસે.ના પુરુ થાય છે તેમાં આ દરખાસ્ત રજુ થાય તેવી શકયતા નથી.

બંધારણની કલમ ૬૭(બી) મુજબ ઉપરાષ્ટ્રપતિ જે હોદાની રૂએ રાજયસભાના સભાપતિ પણ છે. તેઓને રાજયસભામાં બહુમતીથી પસાર થતા પ્રસ્તાવ જરૂરી છે. વિપક્ષોને પણ ખ્યાલ છે કે તે આ પ્રસ્તાવ પસાર કરાવી શકે તેમ નથી પરંતુ તે એક સંદેશ આપવા માંગે છે.

તૃણમુલ કોંગ્રેસના રાજયસભાના નાયબ નેતા નાગરીકા ઘોષે આક્ષેપ કર્યો કે સરકાર લોકશાહીની હત્યા કરી રહી છે. અગાઉ ૨૦૨૦માં તે સમયના રાજયસભાના નાયબ સભાપતિ સામે અવિશ્વાસ પ્રસ્તાવ આપ્યો હતો. અગાઉ લોકસભામાં અધ્યક્ષ સામે ત્રણ આ પ્રકારે પ્રસ્તાવ આવ્યા હતા અને ત્રણેય ફગાવાયા હતા.

# ભારતમાં એક વર્ષમાં અબજોપતિની સંખ્યા ૪૨ ટકા વધી : દુનિયામાં ત્રીજા ક્રમે

## સ્વીસ બેંક યુબીએસનો રીપોર્ટ : ભારતમાં દાયકામાં અબજોપતિ ડબલ થયાં

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં અબજોપતિઓની સંખ્યામાં વધારો થયો છે. એક રિપોર્ટ અનુસાર, છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતીય અબજોપતિઓની સંખ્યા બમણી થઈ છે. આ અબજોપતિઓની સંયુકત સંપત્તિમાં પણ ઝડપથી વધારો થયો છે. તેનાથી વિપરીત વૈશ્વિક સ્તરે અબજોપતિઓની સંખ્યામાં ઘટાડો થયો છે. યુબીએસનો તાજેતરનો બિલિયોનેર એમ્બિશન્સ રિપોર્ટ દર્શાવે છે કે એક વર્ષમાં ભારતનાં અબજોપતિઓની સંપત્તિમાં ૪૨.૧ ટકાનો વધારો થયો છે. અમેરિકા અને ચીન પછી ૧૮૫ સાથે ભારત વિશ્વમાં ત્રીજા નંબરે સૌથી વધુ અબજોપતિઓ ધરાવે છે. અમેરિકામાં અબજોપતિઓની સંખ્યા ૮૩૫ અને ચીનમાં ૪૨૭ છે. એટલું જ નહીં, ભારતમાં દર ત્રણ મહિને એક નવો અબજોપતિ ઉભરી રહ્યો છે. ભારતમાં એક વર્ષમાં ૩૨ નવાં અબજોપતિ જોડાયાં છે.

દેશમાં અબજોપતિઓ અને અબજોપતિઓની સંપત્તિ ઝડપથી વધી રહી છે. સ્વિસ બેંક યુબીએસના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગયાં વર્ષમાં ભારતીય અબજોપતિઓની સંપત્તિ ૪૨ ટકા વધીને ૯૦૫ અબજ ડોલરથી વધુ થઈ છે. આ યાદીમાં અમેરિકા અને ચીન પછી ભારત ત્રીજા સ્થાને છે

અહેવાલ મુજબ, યુનાઈટેડ સ્ટેટ્સ ૨૦૨૪ સુધીમાં ૮૪ અબજોપતિઓ ઉમેરશે, તેમની સંયુક્ત સંપત્તિ ૪.૬ ટ્રિલિયનથી વધારીને ૫.૮ ટ્રિલિયન થશે. આ દરમિયાન, ચીનમાં ઘટાડો



જોવા મળ્યો હતો, જ્યાં ૯૩ ઓછા અબજોપતિ હતાં અને અબજોપતિઓની કુલ સંપત્તિ ૧.૮ ટ્રિલિયનથી ઘટીને ૧.૪ ટ્રિલિયન થઈ હતી.યુબીએસ બિલિયોનેર એમ્બિશન્સ રિપોર્ટ જણાવે છે કે છેલ્લાં ૧૦ વર્ષોમાં ભારતીય અબજોપતિઓની સંખ્યા બમણીથી વધીને ૧૮૫ થઈ છે. એપ્રિલ ૨૦૨૪ ના અંત સુધીમાં, તેમની સંયુક્ત સંપત્તિમાં ત્રણ ગણો વધારો થયો હતો. ભારતમાં અબજોપતિઓની સંપત્તિ વધી રહી છે ત્યારે વૈશ્વિક અબજોપતિઓની સંપત્તિમાં વૃદ્ધિ ધીમી પડી છે. ભારતીય અબજોપતિઓની સંપત્તિમાં વધારો ભારતીય ઉદ્યોગસાહસિકોની સતત ગતિશીલતા અને દેશનાં અનુકૂળ આર્થિક વાતાવરણને આભારી છે.અહેવાલમાં જણાવાયું છે કે, નઆ અસાધારણ આર્થિક વૃદ્ધિનો સમય રહ્યો છે. તેનાં બે કાર્યકાળ દરમિયાન, નરેન્દ્ર મોદી સરકારે માળખાકીય સુધારાઓ રજૂ કર્યા છે. આનાથી દેશની અર્થવ્યવસ્થાને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવામાં મદદ મળી છે.

# દેશમાં ૯૯૪ મિલકતો પર વકફનો ગેરકાયદેસર કબજો

## કેન્દ્રએ સંસદમાં કુલ ૮૭૨૩૫૨ મિલકતોની વિગતો આપી : તમિલનાડુમાં આવી સૌથી વધુ ૭૩૪ મિલકતો છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે સોમવારે સંસદમાં જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં વકફ દ્વારા કુલ ૯૯૪ મિલકતો પર ગેરકાયદેસર રીતે અતિક્રમણ કરવામાં આવ્યું હોવાનું નોંધાયું છે, જેમાંથી એકલા તમિલનાડુમાં સૌથી વધુ ૭૩૪ મિલકતો છે. કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના નેતા જોન બ્રિટાસના પ્રશ્નોના લેખિત જવાબમાં, લઘુમતી બાબતોના મંત્રાલયે વકફ પર ઉપલબ્ધ માહિતીને ટાંકીને જણાવ્યું હતું કે દેશમાં વકફ એક્ટ હેઠળ ૮૭૨,૩૫૨ સ્થાવર અને ૧૬,૭૧૩ જંગમ વકફ મિલકતો નોંધાયેલી છે.

અલ્પસંખ્યક બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ એક જવાબમાં કહ્યું,ઁઉપલબ્ધ માહિતી મુજબ ૯૯૪ મિલકતો પર ગેરકાયદે કબજો હોવાની માહિતી મળી છેઁ. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે દેશભરમાં આવી કુલ ૯૯૪ મિલકતોમાંથી, તમિલનાડુમાં ૭૩૪ મિલકતોને સૌથી વધુ અલગ કરવામાં આવી છે, ત્યારબાદ આંધ્રપ્રદેશમાં ૧૫૨, પંજાબમાં ૬૩, ઉત્તરાખંડમાં ૧૧ અને જમ્મુ અને કાશ્મીરમાં ૧૦ મિલકતો છે.

તે જ સમયે, કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે સોમવારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે ૨૦૧૯ થી કેન્દ્ર સરકાર દ્વારા વકફ બોર્ડને કોઈ જમીન આપવામાં આવી નથી. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ૨૦૧૯ થી અત્યાર સુધી વકફ બોર્ડને આપવામાં આવેલી જમીન વિશેની માહિતી અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રાલયે કહ્યું કે રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવેલી



જમીન વિશે કોઈ ડેટા નથી.

જો કે, તેમણે કહ્યું કે જ્યાં સુધી આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયનો સંબંધ છે, ૨૦૧૯ થી ભારત સરકાર દ્વારા વકફ બોર્ડને કોઈ જમીન આપવામાં આવી નથી.

ગયા અઠવાડિયે, જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલે જણાવ્યું હતું કે પેનલે રાજ્ય સરકારોને તેમના અધિકારક્ષેત્ર હેઠળની વિવાદિત વકફ મિલકતોની વિગતો માંગી છે.

# સોનામાં ૧૦૦૦, ચાંદીમાં ૨૫૦૦નો ઉછાળો

## ચીનની સેન્ટ્રલ બેંકે નવેસરથી ખરીદી શરૂ કરતા અને અમેરિકામાં વ્યાજદર ઘટવાના આશાવાદની અસર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વૈશ્વિકસ્તરે સંદર્ભ, યુદ્ધ અને તનાવના વધતા માહોલ વચ્ચે સોના–ચાંદીના ભાવોમાં વધુ એક વખત ભડકો સર્જાયો છે અને જોરદાર ભાવવધારો થયો છે. વિશ્વબજારમાં સોનાનો ભાવ ૨૬૭૦ ડોલર તથા ચાંદીનો ભાવ ૩૧.૯૯ ડોલરે પહોંચ્યો હતો. ઘરઆંગણે સોનામાં ૧૦૦૦ અને ચાંદીમાં ૨૫૦૦ રૂપિયાનો ભાવવધારો થયો હતો.

કોમોડીટી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે આવતા સપ્તાહમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વધુ એક વખત વ્યાજદર ઘટાડશે તેવા આશાવાદનો પ્રત્યાઘાત હતો. આ સિવાય ચીનની સેન્ટ્રલ બેંકે છ મહિના પછી



ફરી સોનાની ખરીદી શરૂ કરતા માર્કેટનું માનસ બદલાયુ હતું. વિશ્વના અન્ય દેશોની સેન્ટ્રલ બેંકો પણ નવેસરથી ખરીદીમાં ઝુકાવશે તેવો આશાવાદ ઉભો થયો છે.

જાણકારોએ કહ્યું કે, આવતા સપ્તાહમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર સ્થિર રાખે અને સાવચેતીની નીતિ અપનાવે તો ટુંકાગાળામાં સોના–ચાંદીના ભાવ પર પ્રેસર આવી શકે છે. જો કે, આ દરમ્યાન યુદ્ધ–ભૌગોલિક ટેન્શનના ઘટનાક્રમો કેવા વળાંક લ્યે છે તે મહત્વપૂર્ણ બનશે.

સીરીયામાં તખ્તાપલટને કારણે પણ સોના–ચાંદીમાં તેજીને નવુ કારણ મળી ગયુ છે. કટોકટી–ભૌગોલિક ટેન્શનમાં સોના–ચાંદી નસેફ હેવનથ ગણાય જ છે. ટુંકાગાળામાં જ હાજર સોનામાં ૩૨ ડોલરનો ભાવવધારો થઈ ગયો હતો.

વૈશ્વિક તેજીને પગલે ઘરઆંગણે સોના–ચાંદીમાં તેજી થઈ હતી. કોમોડીટી એકસચેંજમાં સોનુ ૭૭૬૫૦ તથા ચાંદી ૭૫૨૦૦ હતી.

# ધર્મના આધારે અનામત ન હોઈ શકે : સુપ્રીમ કોર્ટ

## કોલકાતા હાઈકોર્ટના આદેશને પડકારતી અપીલની સુનાવણી કરી રહી હતી કોર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ધર્મના આધારે અનામતને લઈને સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેંચ કોલકાતા હાઈકોર્ટના આદેશને પડકારતી અપીલની સુનાવણી કરી રહી હતી. કોલકત્તા હાઈકોર્ટે તેમને અન્ય પછાત વર્ગ (ઓબીસી) તરીકે વર્ગીકળત કરવાના પશ્ચિમ બંગાળ સરકારના નિર્ણયને રદ્દ કર્યો હતો જેથી તેઓ અનામતનો લાભ મેળવી શકે.

પશ્ચિમ બંગાળ સરકારે કોલકાત્તા હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો છે, જેણે ૨૦૧૦ થી પશ્ચિમ બંગાળમાં ઘણી જાતિઓને બ્ઙ દરજ્જો આપવાને ગેરકાયદેસર જાહેર કર્યો હતો. ૨૨ મે, ૨૦૨૪ના નિર્ણયમાં કલકત્તા હાઈકોર્ટે કહ્યું હતું કે ઘઈઈ કેટેગરીમાં ૭૭ મુસ્લિમ સમુદાયનો સમાવેશ ધર્મના આધારે કરવામાં આવ્યો હતો, જે ગેરકાનૂની છે. આ સાથે, પશ્ચિમ બંગાળ પછાત વર્ગ અધિનિયમ ૨૦૧૨ હેઠળ આપવામાં આવેલ ૩૭ સમુદાયોનું આરક્ષણ પણ રદ કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબ્બલે રાજ્ય સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવવાની માંગ કરી હતી. તેના પર જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે, ધર્મના આધારે અનામત ન હોઈ શકે. સિબ્બલે કહ્યું કે કલકત્તા હાઈકોર્ટે 'પશ્ચિમ બંગાળ પછાત વર્ગો અધિનિયમ, ૨૦૧૨ની જોગવાઈઓને ફટકો મારવા માટે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ પર ભારે આધાર રાખ્યો હતો. . આ નિર્ણયને કારણે મુસ્લિમ ઓબીસી માટેનું અનામત રદ કરવામાં આવ્યું હતું. સિબ્બલે કહ્યું કે સુપ્રીમ કોર્ટે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવી દીધી છે અને અંતિમ નિર્ણય હજુ બાકી છે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ગવઈએ એ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે અનામત ધર્મના આધારે ન હોઈ શકે. કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને ઓબીસી યાદીમાં સમાવિષ્ટ નવી જાતિઓ સામાજિક અને આર્થિક રીતે પછાત હોવાનું સાબિત કરવા માટે પછાતપણાના જથ્થાત્મક ડેટા સબમિટ કરવાનો નિર્દેશ



આપ્યો હતો.

સોમવારે સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે હાજર વકીલોને કેસનું નિરીક્ષણ કરવા કહ્યું. હાઈકોર્ટના નિર્ણયનો ઉલ્લેખ કરતા સિબ્બલે કહ્યું કે એક્ટની જોગવાઈઓ રદ કરવામાં આવી છે. તેથી ત્યાં ખૂબ જ ગંભીર મુદ્દાઓ સામેલ છે. આનાથી હજારો વિદ્યાર્થીઓ કે જેઓ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માગે છે તેમના અધિકારોને અસર કરે છે. તેથી કેટલાક વચગાળાનો આદેશ પસાર કરીને હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુકવો જોઈએ.

# ઉપલેટામાં આહીર સમાજના ચતુર્થ સમૂહ લગ્નમાં ૧૯ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા

## કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા અને માજી ધારાસભ્યો તેમજ અન્ય આગેવાનો આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા સમસ્ત આહિર સમાજના દીકરા દીકરીઓના ચતુર્થ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૯ જેટલા નવ-દંપતિઓએ આ શુભ પ્રસંગે પ્રભુતામાં પગલાં માંડ્યા હતા ત્યારે આ સમૂહ લગ્નની અંદર કરિયાવરમાં અંદાજિત વીસ જેટલી વસ્તુઓ આપી હતી અને સમૂહ લગ્નની સાથે સાથે રક્તદાન કેમ્પ અને રાત્રી દરમિયાન કારણકે યુક્તિનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ સમૂહ લગ્ન મહોત્સવમાં જાનના સામૈયા ઉપલેટા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર કરવામાં આવ્યો હતો જેમાં ઠાઠ-માઠ સાથે આહીર સમાજના પુરૂષો અને મહિલાઓ પરંપરાગત પહેરવેશમાં પણ જોવા મળ્યા હતા ત્યારે આ સમૂહ લગ્નના સામૈયા જોવા માટે તેમજ આ સમૂહ લગ્નમાં સામિલ થવા માટે લોકો પણ બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

ઉપલેટા શહેરમાં સમસ્ત આહીર સમાજ સમુહ લગ્ન સમિતિ દ્વારા ચતુર્થ સમુહ લગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ આયોજન માટે છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી તડામાર તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે આ તૈયારીઓ બાદ ઉપલેટા શહેરના કૃષ્ણ કેક ઓઈલ મીલના ગ્રાઉન્ડ ખાતે ૧૯ નવ-દંપતિઓના સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ આયોજનમાં રાત્રી દરમિયાન યોજાયેલ સમૂહ લગ્ન મહોત્સવમાં આહીર સમાજના આગેવાનો, અગ્રણીઓ તેમજ અન્ય સમાજના આગેવાનો અગ્રણીઓ પણ આ સમૂહ લગ્ન મહોત્સવમાં જોડાયા હતા અને આશીર્વાદ અને આશીર્વચન આપ્યા હતા.

ઉપલેટા ખાતે યોજાયેલ આહીર સમાજના ચતુર્થ સમૂહ લગ્નની અંદર હજારોની સંખ્યામાં લોકો આ સમૂહ લગ્નમાં સહભાગી થઈ અને નવ-દંપત્તિઓને આશીર્વાદ અને આશીર્વચન પણ આપ્યા હતા.

ઉપલેટા શહેરમાં સમસ્ત આહીર સમાજની સમાજની સમુહ લગ્ન સમિતિ દ્વારા ચતુર્થ સમુહ લગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ આયોજનની અંદર ૧૯ જેટલા નવદંપતીઓના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવતા નવદંપતિઓએ એકી સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા છે ત્યારે આ સમૂહ લગ્ન મહોત્સવમાં હજારોની સંખ્યામાં આહીર સમાજના આગેવાનો, અગ્રણીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. જેમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, ગુજરાત રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા, પૂર્વ મુખ્યમંત્રીના પ્રતિનિધિ તરીકે ગોવિંદભાઈ કાનગઢ, જેઠાભાઈ પાનેરા, માજી ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા, લલીતભાઈ વસોયા, પ્રવીણભાઈ માકડીયા તેમજ ઉપલેટા અને આસપાસના પંથકના આહીર સમાજ તેમજ અન્ય સમાજના આગેવાનો અગ્રણીઓ સહિતના સૌ કોઈ લોકો ઉપસ્થિત રહ્યા હતા અને સમૂહ લગ્નની સાથે-સાથે યોજવામાં આવેલ રકતદાન કેમ્પ તેમ જ રાત્રિ દરમિયાન યોજવામાં આવેલ કાનગોપીના કાર્યક્રમને ભરપૂર આનંદ સાથે માણ્યો હતો જેમાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આહીર સમાજના આગેવાનો, અગ્રણીઓ, યુવાનો, બાળકો, મહિલાઓ, યુવતીઓ સહિતના છેલ્લા અંદાજિત ત્રણ માસથી કાર્યક્રમની જહેમત ઉઠાવી રહ્યા હતા.

એહવાલ - કાનભાઈ સુવા ઉપલેટા

# આયુષ્માન આરોગ્ય મંદિર ધુંવાવ ખાતે સગર્ભા અને ધાત્રી માતાઓ માટે લઘુશિબિર યોજવામાં આવી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી બાણુંગાર હેઠળ આવતા આયુષ્યમાન આરોગ્ય મંદિર ધુંવાવ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા, ધાત્રી માતાઓ અને વિસ્તારની બહેનો માટે આરોગ્ય તપાસ તેમજ સરકારની વિવિધ યોજના વિષે લઘુશિબિર યોજવામાં આવી હતી.આ લઘુશિબિરમાં સગર્ભાઓને જોખમી સગર્ભાના ચિન્હો વિશે તેમજ આયર્ન કેલ્શયમ ગોળી વિષે ,ઓછા હિમોગ્લોબીન વાળી સગર્ભાને આયર્ન સુક્રોઝ સારવાર માટે, ટીટી રસી વિષે તેમજ ધાત્રી બહેનોને બાળકને ફરજીયાત ૬ માસ માતાનું ધાવણ આપવા અંગે, ઓછા વજન વાળા બાળકને કાંગારું કેર પદ્ધતિ વિષે માહિતી આપવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્ર પર તમામ રોગ સામે રક્ષણ મળે તે માટે રસી આપવામાં આવે છે માટે સમયાન્તરે બાળકને રસીકરણ કરાવવા અંગે તેમજ ૨ બાળક વચ્ચે ૩ વર્ષનો સમયગાળો રાખવા માટે કુટુંબ નિયોજનની બિનકાયમી પદ્ધતિ, ઓરલ પિલ્સ, માલા ગોળી, છાયા ગોળી, અંતરા ઈન્જેક્શન , કોપર-ટી, પી.પી.ઓ.યુ.સી.ડી જેવી વિવિધ પદ્ધતિ વિષે, કુટુંબ નિયોજન હેઠળ મળવાપાત્ર લાભ અને યોજના વિષે, નમોશ્રી યોજના વિષે અને ટીબી રોગ અને તેની સારવાર વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.એચ.ભાયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા આર.સી,એચ,ઓ ડો.નુપુર પ્રસાદ, જીલ્લા પી.એચ.એન જયાબેન તેમજ જીલ્લા ડી.એસ.બી.સી.સી ચિરાગ પરમાર દ્વારા યોજવામાં આવ્યો હતો.

# કસવાળી ગામના બે યુવાનો ભારતીય સૈન્યમાં ટ્રેનિંગ પૂરી કરીને પરત આવતા ગામમાં ભવ્ય સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

( અહેવાલ : મોહસીનખાન ડી. પઠાણ)

સાયલા તાલુકાના કસવાળી ગામના કોળી સમાજના બે યુવાનોએ ભારતીય સૈન્યમાં તાલીમ પૂર્ણ કરી માદરે વતન આવતા ભવ્ય સરઘસ સાથે સન્માન સમારોહ યોજાયો.

પાંચાળ પ્રદેશના સાયલા તાલુકાના નાનકડા ગામ કસવાળી ગામના બે યુવાનોએ ભારતીય સૈન્યમાં તાલીમ પૂર્ણ કરી માદરે વતન ધન્ય ધરામાં આવતા નસ્રવતન કે રખવાલેસ્રસ્ર સરઘસ કઘવામાં આવ્યું હતું આ સરઘસ ધજાળા થી કસવાળી ગામ સુધી ભવ્ય સ્વાગત સન્માન રેલીમાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડયો હતો અને સામાજિક સમરસતાના દર્શન થયા હતા, કસવાળી ગામના યુવાનોની અથાગ મહેનત પરિશ્રમ કરી ભારતીય સૈન્યમાં સિલેક્ટ થયા હતા, વિર જવાનો સંદીપભાઈ ભાવાભાઈ રંગપરા અને પારસભાઈ સુરેશભાઈ ગરાંભડીયાની સ્વાગત રેલીમાં ભારત માતાકી જય અને વંદે માતરમ્નાં નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું નસ્રવતનકે રખવાલે સમારોહનાંસ્રસ્ર સારથી પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણીએ વિર જવાનોને ભારત માતાની છબી આપી હાર પહેરાવી અને છાલ ઓઢાડી અદકેરૂ સન્માન કર્યું હતું તેમજ કસવાળી તાલુકા પંચાયતના સદસ્ય રાજુભાઈ રંગપરાએ બંને જવાનોને શકિતનાં સ્વરૂપ રૂપે તલવારો ભેટ આપી હતી, કાર્યક્રમમા વિર જવાનોને ફૂલડે



વધાવવા જોગેશ્વર મહાદેવ મંદિરના મહંત શૈલેન્દ્રગીરીબાપુ, ગરાંભડી ટપ્પા હનુમાનજી મંદિરના મહંત ગોરધન ભગત, કસવાળી રોકડીયા હનુમાનજી જગ્યાના મહંત બાલકદાસ બાપુ, સુરેન્દ્રનગર જિલ્લા અખિલ ભારતીય કોળી સમાજ પ્રમુખ નાગરભાઈ જીડીયા અને સામાજિક તેમજ રાજકીય અગ્રણીઓ, વિધાર્થીઓ, સગા સંબંધીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં વિર જવાનોને આવકરવા અને સત્કારવા ઉમટી પડયા હતાં અને કાર્યક્રમને ઉજળો બનાવ્યો હતો.

# ઉનામાં ચાર વર્ષ પૂર્વે આંગડિયા પેઢીના કર્મચારીને લૂંટી લેનાર આરોપીને જિલ્લા એસઓજી ટીમે અમદાવાદથી દબોચ્યો

અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના

ઉના બસ સ્ટેશનમાં ચાર વર્ષ પૂર્વે વહેલી સવારે એક લૂંટની ઘટના બની હતી. જેમાં આંગડિયા પેઢીના કર્મચારી બાબુ ચતુર પટેલ પાસેથી લૂંટારૂઓએ ૧૮ લાખના હીરા તેમજ રોકડ રકમ મળી કુલ ૬૦ લાખથી વધુની લૂંટ ચલાવી અજાણ્યા શખ્સો નાસી છૂટતા સનસની મચી જવા પામતા જિલ્લા પોલીસ સહિતના ધાડ ધાડા ઉનામાં ઉતારી દેવાયા હતા.

આ લૂંટારુ ટોળકીને પકડવા નાકાબંધી કરવામાં આવી હતી અને વહેલી સવારે આંગડીયા પેઢીના કર્મચારીને ધોલધપાટ કરી ૩ થી ૪ અજાણ્યા શખ્સોએ ૧૮ લાખના હીરા અને રોકડ મળી કુલ ૬૦ લાખથી વધુની મતાની લૂંટ ચલાવી હતી અને લૂંટારુઓ કારમાં નાસી છૂટ્યા હતા. જે બાદ પોલીસે તપાસ હાથ ધરતા ૩થી વધુ લૂંટારૂઓએ ઝડપી પાડયા હતા જેમાં લૂંટ ચલાવી નાસી જનાર આરોપી ચાર ચાર વરસથી નાસ્તો ફરતો હોય જે અમદાવાદ શહેરમાં હોવાની જિલ્લા એસઓજી ટીમને માહિતી મળતાં બાતમી વાળી જગ્યાએ તપાસ કરતા ચાર વર્ષ પૂર્વે આ અર્ધો કરોડથી વધુની લૂંટ કરવામાં પકડવાનો આરોપી જયેશકુમાર લક્ષ્મણજી રાજપુત,રહે.બબાસણા જી.પાટણ વાળાને જિલ્લા એસઓજી ટીમના ઝડપી પાડી ઉના પોલીસને કાર્યવાહી કરવા સોંપ્યો હતો.

અંદાજિત ચાર વર્ષ પહેલા આંગડીયા પેઢીનો કર્મચારી બાબુ ચતુર પટેલ દિવાળી સમયે વહેલી સવારે રોકડ અને હીરા ભરેલી બેગ લઈ ઉનાથી ભાવનગર જઈ રહ્યો હતો. ત્યારે અગાઉથી જ આ લૂંટારૂઓ પ્લાનિંગ કરીને આવેલ હોય તેમ ત્રણથી ચાર વ્યક્તિ નજીકમાં જ પાર્ક કરેલી કારમાં નાસી છૂટ્યા હતા આ લૂંટની ઘટનાના કેટલાક દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા અને



લૂંટારુ ટોળકીએ કાવતરુ ઘડીને લૂંટને અંજામ આપ્યો હોય તેમ ઘટના સ્થળ નજીક સાથે ઊભેલી કારમાં બેસી લૂંટારા નાસી ગયા હતા.

આ ઉના બસ સ્ટેશનમાં અર્ધો કરોડથી વધુની લૂંટની ઘટનાની પોલીસને જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને નાકાબંધી કરાવી હતી સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે આરોપીઓને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.ત્યારે આ લૂંટારુઓ કાયદો અને વ્યવસ્થાને ચેલેન્જ આપતા હોય તેવું લાગી રહ્યું હતું અને એક પછી એક ૩થી વધુ લુંટારૂઓ ઝડપાઇ ચૂક્યા હતા. હાલ આ લૂંટમાં પકડવાનો છેલ્લો આરોપી પણ ઝડપાઇ જતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો છે.

# ૧૪ વર્ષની ઉંમરે સાયકલ પર ભારત યાત્રા પર નીકળેલો તરૂણ જામનગર આવી પહોંચ્યો



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર આવી પહોંચતા તેમનું સ્વાગત કરાયું હતું.ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની નેમ, ૬ મહિનામાં ચારધામની યાત્રા પૂર્ણ કરી.દિલ્હીનો રહેવાસી ૧૪ વર્ષનો યશપાલ સનાતન ધર્મનો સંકલ્પ લઈ ભારતને હીન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની નેમ સાથે સાયકલ પર ભારત દેશની યાત્રાએ નીકળ્યો છે. આ તરૂણ જામનગર આવી પહોંચતા તેમનું સ્વાગત કરાયું હતું. તેણે ૬ મહિનામાં ચારધામની યાત્રા પૂર્ણ કરી છે.દિલ્હીથી ૬ મહિના પહેલા સાયકલ પર નીકળેલા યશપાલ. કેદારનાથ, બદરીનાથ, વૈદ્યનાથ મહાદેવ, ગંગોત્રી, યમુના, હરિદ્વાર, સહિત ગુજરાતના સોમનાથ અને દ્વારકાના નાગેશ્વર મહાદેવ જ્યોતિર્લિંગની યાત્રા પૂર્ણ કરી નાસિક સ્થિત ત્રંબકેશવર જ્યોર્તિલિંગ યાત્રા એ જવા નીકળ્યો હતો. રસ્તામાં સૌરાષ્ટ્રનું પેરીસ ગણાતા અને છોટાકાશીના નામે વિખ્યાત જામનગરમાં શનિવાર આવી પહોંચ્યો હતો જેમાં તેમણે જામનગર ના સ્થાનિકો સાથે મળી અને ૧ દિવસીય રોકાણ કરી રવિવારે નાસિક યાત્રાએ જવા નીકળ્યો હતો. માત્ર ૧૪ વર્ષની ઉમરે હિંદુવાદીના પૂરા જોશ સાથે યશપાલ સાયકલમાં ભગવા શાલ અને યાત્રા દરમિયાન રક્ષા માટે તલવાર સાથે રાખી રાતવાસો કરવાં માટે ટેન્ટ સહિતના સાધનો લઈ ભારતની યાત્રાએ નીકળ્યો છે. બાકીની યાત્રા યશપાલ એક વર્ષમાં યાત્રા પૂર્ણ કરશે.

# કોસ્ટલ હાઈવે અને મોરબી, નવલખી ફોરલેન રોડના કામ માટે રૂ.૨૯૦.૨૦ કરોડ મંજુર થયા

## ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગે મહત્વાકાંક્ષી યોજનાઓને મંજૂરી આપી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી-નવલખી રોડને ફોરલેન બનાવવા અને વવાણીયા-માળીયા કોસ્ટલ હાઈવેને પહોળો કરવા માટે કુલ રૂ.૨૯૦.૨૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે. આ યોજનામાં નવા પૂલ-નાલા બનાવવા, જૂના પુલનું પુનર્નિર્માણ કરવા અને બે રેલ્વે ફાટક પર ઓવરબ્રિજ બનાવવા જેવા કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મોરબી નવલખી રોડ ફોરલેન બનાવવા તથા કોસ્ટલ હાઈવે વવાણીયાથી માળીયા સુધીના રોડને પહોળો બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૯૦.૨૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે. સતત વિકાસલક્ષી કામગીરીના અનુસંધાનમાં, અત્યંત વ્યસ્ત એવા ૪૧ કી.મી. લાંબા મોરબી-નવલખી રોડને હાલના ૧૦ મીટર રોડની જગ્યાએ ફોરલેન બનાવવા, જરૂરી નવા પૂલ-નાલા બનાવવા અને જૂના પુલની પુનઃનિર્માણની કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૨૯૦.૨૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.આ ઉપરોક્ત કોસ્ટલ હાઈવે વવાણીયાથી માળીયા સુધીનો રસ્તો પહોળો કરવા અને એના અન્ય આનુષંગિક કામ માટે પણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૨૩.૫૦ કરોડ, ઉપરાંત આ રોડ પર આવતા બે રેલ્વે ફાટક પર ઓવરબ્રિજ બનાવવા અને મંજૂર થયેલા આ કામો માટેની પૂર્વ નિર્માણ કામગીરી અને કન્સલટન્સી-ડીપીઆર કામગીરી માટે રૂ.૧૩.૩૦કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજૂઆતને લક્ષમાં લઈ નવલખી બંદરના વિકાસ માટે, ઉમદા પરિવહન માટે, સંભવિત અકસ્માત નાબૂદ કરવા-ઘટાડવા માટે અને સમગ્રતયા વિકાસને વેગ મળે તે માટેની રજુઆત સફળ રહી છે.

અને કુલ મળીને રૂ.૨૯૦.૨૦ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે જેથી સમગ્ર વિસ્તારમાં આનંદ વ્યાપી ગયો છે, ત્યારે ધારાસભ્યે મુખ્યમંત્રીનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# નાની ખાવડીમાં યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો



જામનગર નાની ખાવડી સીમમાં એક યુવાનની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.જેમાં મૃતક આરોપીના પત્નીને પરેશાન કરતો હોવાની શંકાના આધારે હત્યાને અંજામ આપ્યાનુ પોલીસ તપાસમાં જાહેર થયુ હતુ.પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીને સકંજામાં લીધો છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગર પંથકના નાની ખાવડી સીમ વિસ્તારમાંથી બલભદ્રસિંહ વનરાજસિંહ જાડેજા (ઉ.વ. ૨૫) નામના યુવાનનો ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા નિપજાવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.આ બનાવની જાણ થતા સિકકા પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી.પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પીએમ અર્થે જામનગરની જી.જી.હોસ્પીટલમાં ખસેડયો હતો.જે બાદ પરીજનોને સુપરત કરાયો હતો.આ બનાવ મામલે મૃતકના પિતા વનરાજસિંહ જાડેજાની ફરીયાદ પરથી સિકકા પોલીસે જનકસિંહ વિક્રમસિંહ ઝાલા (રે. ટંકારા) સામે હત્યાનો ગુનો નોંધીને તેની શોધખોળ સાથે તપાસ હાથ ધરી હતી.જે દરમિયાન પોલીસે આરોપી જનકસિંહ ઝાલાને ગણતરીના કલાકોમાં દબોચી લીધો હતો.આરોપીના પત્નીને મૃતક હેરાન કરતો હોવાની શંકાથી તેનુ કાસળ કાઢી નખાયાનુ પોલીસ તપાસમાં ખુલ્યુ છે. પોલીસે આરોપીની વિધિવત ધરપકડ કરી પુછપરછ સાથે તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

# હળવદમાં જીઆઈડીસી વિસ્તારમાં તીનપત્તીનો જુગાર રમતા બે મહિલા સહિત પાંચ પકડાયા



હળવદ ટાઉનમાં જીઆઇડીસી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા બે મહિલા સહિત ૫ જુગારીને હળવદ પોલીસે રોકડા ૧૩,૯૫૦ સાથે ઝડપી લીધા હતા, આ સાથે પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હળવદ પોલીસ પેટ્રોલીંગમાં હોય દરમ્યાન જી.આઇ.ડી.સી.મા જી.ઇ.બી. પાછળ જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા બે મહિલા સહિત પાંચ ઇસમોને પકડી લેવામાં આવ્યા હતા, જેમાં આરોપી ઇકબાલભાઇ ગુલામભાઇ કટીયા રહે. હળવદ ટીકર રોડ મીઠાનો ગંજ, રાણાભાઇ વિરાભાઇ સોલંકી રહે. હળવદ હરી દર્શન સોસાયટી સામે ઝુપડામા, કાસમભાઇ ઇસાકભાઇ સંધવાણી રહે. માળીયા જુના રેલ્વે સ્ટેશન વાળા વિસ્તાર તા.માળીયા(મી) તથા ગીતાબેન વિનુભાઇ પ્રધાનભાઇ સોલંકી ઉવ.૪૦ રહે.હળવદ જી.આઇ.ડી.સી. જી.ઇ.બી. પાછળ, જયાબેન કેશુભાઇ અમરશીભાઇ ગોઢાણીયા ઉવ.૪૫ રહે.જી.આઇ.ડી.સી. જી.ઇ.બી. પાછળ હળવદ વાળાને રોકડા ૧૩,૯૫/- સાથે ઝડપી લઈ તમાં આરોપીઓ સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના હળવદથી મળેલા ૧૨ વર્ષીય બાળકનું પરિવાર સાથે પુનઃ મિલન કરાવાયું



**મુખ્ય સમાચાર,મોરબી**

ગત ૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ચાઈલ્ડ હેલ્પ લાઈન- ૧૦૯૮ મારફતે સાંજના ૦૫:૫૦ આસપાસ મોરબી જીલ્લા બાળ સુરક્ષા કચેરીને ફોન આવેલો હતો. જે અનુસાર એક બાળક કે જેની ઉંમર આશરે ૧૨ વર્ષની આસપાસ છે. તે સરા ચોકડી, હળવદથી મળી આવેલ છે. તેવી માહિતી મળતા જીલ્લા બાળ સુરક્ષા વિભાગની ટીમ હળવદ મુકામે પહોંચી હતી.

ત્યાં એક સામાજિક કાર્યકર અને કોલરનો સંપર્ક કર્યા બાદ આ બાળક સુનિલનો કબજો મેળવી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ રાત્રે જ ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, ખોખરા હનુમાનમાં ચાઈલ્ડ વેલફેર કમિટીની મંજુરીથી તેને આશ્રય આપવામાં આવ્યો હતો. આ ભુલા પડેલ બાળકનું ઘણું શાંતિથી અને ઊંડાણપૂર્વક કાઉન્સેલર ખ્યાતિબેન પટેલ મારફત કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને બાળક પાસેથી પરિવાર વિશે થોડી માહિતી પ્રાપ્ત કરી હતી.

જેના આધારે આ બાળક ખેડાનો વતની હોય તેવું જાણવા મળ્યું હતું. આ માહિતી સાથે ખેડા જીલ્લા બાળ સુરક્ષા કચેરીનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્યાંની ટીમ મારફતે આ બાળકના વાલીને શોધી કાઢવામાં આવ્યા હતા. બંને જીલ્લાની બાળ સુરક્ષા ટીમો દ્વારા વાલીની તથા બાળકની અરસ- પરસ ખરાઈ કરવામાં આવી હતી. આ ખરાઈ પૂર્ણ થતા ચાઈલ્ડ વેલફેર કમિટીના આદેશથી ગુમશુદા બાળકને તેના વાલીને પુનઃ સોંપણી કરવામાં આવી હતી.

આ સમગ્ર ઘટના અંગે મોરબી જીલ્લા બાળ સુરક્ષા અધિકારી ડો.વિપુલ શેરશિયાએ જણાવ્યું હતું કે આ બાળકના આશ્રયથી લઈને તેના પુનઃ સ્થાપન સુધી અત્રેની બાળ સુરક્ષા કચેરીના બિન સંસ્થાકીય સુરક્ષા અધિકારી રવિન્દ્રભાઈ, સંસ્થાકીય સુરક્ષા અધિકારી દિલીપભાઈ, કાઉન્સેલર ખ્યાતિબેન પટેલ, બાળ સંભાળ ગૃહના અધિક્ષક નિરાલીબેન તેમજ સમગ્ર ચાઈલ્ડ વેલફેર કમિટીની ઉમદા અને સક્રિય કામગીરી રહી હતી.

# વરજાંગ જાળીયા ગામનો યુવક આગ્નીવીરની તાલીમ પૂરી કરીને ગામમાં પરત ફરતા ભવ્ય સ્વાગત કરાયું



ઉપલેટા તાલુકાના વરઝાંગ જાળીયા ગામના વતની વિવેક પ્રવિણભાઈ છૈયા આગ્નીવીરની તાલીમ પુર્ણ કરીને પોતાના ગામ વતન પરત ફરતા પ્રથમ વખત વરજાંગ જાળિયા ગામમાં આવતા ગામ લોકોએ ભવ્ય સ્વાગત કર્યું હતું ત્યારે આ પ્રસંગે દેશભક્તિનાં ગીતો સાથે ગામલોકોએ યુવાનને હર્ષ ભેર વધાવ્યો હતો અને માં ભારતીની સેવા માંથી વતન આવેલો યુવાન વિવેક છૈયા એમની જન્મદાત્રી માતાનાં પગ ચૂમીને વાતાવરણને લાગણી સભર બનાવી દીધું હતું. માં ભારતીને સેવા માંથી વતનમાં આવેલો યુવાનની માતા-પિતા પ્રત્યેની ભાવના જોઈને સૌ યુવાનો માટે પ્રેરણા રૂપ બની રહી હતી અને ભારત માતા કી જય નાં નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. (તસ્વીર/અહેવાલઃ- કાનાભાઈ સુવા ઉપલેટા)

# ઘર પાસે ગાળો બોલવાની ના પાડતા લાકડીથી હુમલો કરનાર ત્રણ પાડોશીઓ સામે ફરિયાદ નોંધાઈ




વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાતીદેવરી ગામે પડોશમાં રહેતા શખ્સને ગાળો બોલવાની ના પાડતા ત્રણ શખ્સોએ એક સંપ કરી પીડિત પાડોશી યુવક અને તેના પરિવારને ગાળો આપી લાકડીઓથી ફટકારતા ભોગ બનનાર યુવક દ્વારા ત્રણેય આરોપીઓ સામે સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વાંકાનેર તાલુકાના રાતીદેવરી ગઈકાલ તા.૯ ડિસેમ્બરની સાંજે ફરીયાદી નીતીનભાઈ કાન્તીભાઈ વોરાના ઘર પાસે ગાળો બોલતા હોય જે બાબતે નિતીનભાઈએ વાંધો ઉઠાવી વિરોધ કરતા પાડોશી ત્રણેય શખ્સો કાળુભાઈ વીપુલભાઈ વોરા, જયસુખભાઈ ગોવીદભાઈ વોરા તથા ધમો અશોકભાઈ વોરા રહે. રાતીદેવરી તા.વાંકાનેરવાળાએ ફરિયાદી તથા સાહેદને જેમ ફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી લાકડી વડે પગમા તથા વાસાના ભાગે મુઢ માર મારી શરીરે મુંઢ ઈજા કરી ગુન્હામા એકબીજાને મદદગારી કરી હતી, જે મુજબની ફરિયાદ વાંકાનેર સીટી પોલીસમાં નોંધાતા પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રધુમન પાર્ક ઝૂ ખાતેના પ્રાણી-પક્ષીઓને શિયાળાની ઋતુમાં ઠંડીથી રક્ષણ આપવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૦૦ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૫ પ્રજાતિઓનાં કુલ ૫૪૬ વન્યપ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. આ તમામ પ્રાણી-પક્ષીઓને જુદી જુદી ઋતુઓમાં વાતાવરણની કોઈ આડઅસર ન થાય અને તમામની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે દર વર્ષે ઋતુ અનુંસાર ખાસ તકેદારી રાખવામાં આવે છે. હાલ શિયાળાની ઋતુ ચાલતી હોય, છેલ્લા બે દિવસથી ઠંડીનું પ્રમાણ વધેલ છે. આથી ઝૂ ખાતેના તમામ પ્રાણી-પક્ષીઓ માટે તેઓની પ્રકૃતી અનુંસાર ઠંડીથી રક્ષણ આપવા વિશેષ વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમ, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને બાગ બગીચા અને ઝૂ સમિતિના ચેરમેનશ્રી સોનલબેન સેલારા એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું. સિંહ, વાઘ, દિપડા, રીંછ વિગેરે મોટા પ્રાણીઓને ઠંડીથી રક્ષણ આપવા માટે રાત્રી દરમિયાન નાઈટ શેલ્ટરના તમામ બારી દરવાજે કંતાન, લાકડાની પ્લાય તથા પુંઠાનો ઉપયોગ કરી બંધ કરવામાં આવે છે. જેથી ઠંડા પવનને પ્રવેશતો અટકાવી શકાય. ચિત્તલ, સાબર, કાળીયાર, હોગ ડીયર વિગેરે તૃણાહારી પ્રાણીઓના પાંજરામાં સૂકા ઘાસની પથારી કરવામાં આવે છે. જેથી રાત્રી દરમિયાન પ્રાણીઓ સૂકા ઘાસ ઉપર બેસી હુફ મેળવી ઠંડી જમીનથી રક્ષણ મેળવે છે. સરિસૃપ કુળના પ્રાણીઓ જેવા કે તમામ પ્રકારના સાપના નાઈટ શેલ્ટરમાં ધાબળાના ટુંકડા તથા ખાસ પ્રકારના કાણાંવાળા માટલાની અંદર ઈલેટ્રીક લેમ્પ ગોઠવવામાં આવેલ છે. જેથી માટલું ગરમ થાય છે અને સાપ પોતાના શરીરનું તાપમાન સમતુલીત કરવા માટે માટલાની બહારના ભાગે વિંટાઈ જાય છે. જ્યારે માર્શ મગર અને ઘરીયાલ જેવા મોટા પ્રાણીઓ માટે વિશાળ ઉંડા પાણીના પોન્ડ હોય રાત્રી દરમિયાન ઠંડીમાં શરીરનું તાપમાન સમતુલીત કરવા પાણીના તળીયે બેસી રહે છે.

તમામ પ્રકારના વાંદરાઓ માટે નાઈટ શેલ્ટરનાં બારી-દરવાજાને કંતાન તથા પુંઠાથી બંધ કરવામાં આવેલ છે અને રૂમની અંદર બેસવા માટે લાકડાના પટીયા ગોઠવવામાં આવેલ છે.નાના પ્રાણીઓ માટે નાઈટ શેલ્ટરમાં ખાસ પ્રકારની ગુફા બનાવવામાં આવેલ છે અને બારી -દરવાજાને કંતાન તથા પુંઠાથી બંધ કરવામાં આવેલ છે. જુદી જુદી પ્રજાતીઓના પક્ષીઓને ઠંડીથી રક્ષણ આપવા માટે પાંજરાના ફરતે ગ્રીન નેટ તથા ઉપરના ભાગે સૂકુ ઘાસ પાંથરવામાં આવેલ છે. આ ઉપરાંત પક્ષીઓના પાંજરામાં રાત્રી દરમિયાન બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક ઘર, લાકડાના બોક્ષ તથા માટલા ગોઠવવામાં આવેલ છે. જેની અંદર લાકડાનો છોલ્લ તથા સૂકુ જીણું ઘાસ પાથરવામાં આવે છે. જેનો પક્ષીઓ બ્રીડીંગમાં પણ ઉપયોગ કરે છે.

આ ઉપરાંત શિયાળાની ઋતુ દરમિયાન સિંહ, વાઘ, દિપડા તેમજ તમામ પ્રજાતીનાં નાના-મોટા માંસાહારી પ્રાણીઓમાં ખોરક વધી જતા હાલ




ખોરાકમાં ૧૦ થી ૧૫ ટકા જેટલો વધારો કરવમાં આવેલ છે. જ્યારે તૃણાહારી પ્રાણીઓમાં પણ ખોરાકમાં વધારો થતા લિલોચારો ઉપરાંત સૂકુ ઘાસ આપવામાં આવે છે. ઉપરાંત મગર, ઘરીયલ, સાપ વિગેરે સરિસૃપ પ્રજાતીના પ્રાણીઓમાં શિયાળાની ઋતુ દરમિયાન ખોરાકમાં ઘટાડો નોંધાયેલ છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી ઓફ ઈન્ડીપયા, ન્યુચ દિલ્હીપ તથા ગુજરાત સરકાર દ્વારા રાજકોટ પ્રાણીઉદ્યાન તથા સકકરબાગ પ્રાણીસંગ્રહાલય, જુનાગઢને વન્યીપ્રાણી વિનિમય કરવા મંજુરી અપાતા રાજકોટ પ્રાણીઉદ્યાન દ્વારા સક્કરબાગ ઝૂ, જુનાગઢને સફેદ વાઘ જોડી-૦૧ (નર તથા માદા) આપવામાં આવેલ જયારે સક્કરબાગ ઝૂ, જુનાગઢ દ્વારા રાજકોટ ઝૂને એશિયાઈ સિંહ જોડી-૦૧ (નર તથા માદા) આપવામાં આવેલ છે. રાજકોટ ઝૂ ખાતે એશિયાઈ સિંહમાં બ્લરડ લાઈન ચેન્જઈ કરવા હેતુ સિંહની જોડી મેળવી વન્યજપ્રાણી વિનિમય કરવામાં આવેલ છે. આ વિનિમયના અંતે હાલ રાજકોટ ઝૂ ખાતે સફેદ વાઘની કુલ સંખ્યા ૦૮(નર-૩, માદા-૫) તથા સિંહની કુલ સંખ્યાા ૧૪ (નર-૦૪, માદા-૧૦) છે.

# ૧૦ ડિસેમ્બર : વિશ્વ માનવ અધિકાર દિવસ

## ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ માનવ અધિકારના રક્ષણ અર્થે કાર્યરત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દર વર્ષે તા. ૧૦ ડિસેમ્બરના રોજ નવિશ્વ માનવ અધિકાર દિવસથની ઉજવણી કરવામાં આવે છે. દરેક માનવી પોતે મુળભુત રીતે જન્મતાની સાથે જે અધિકારો સાથે જન્મે છે અને જીવનપર્યંત જે અધિકારોને કોઈપણ જાતની અડચણવગર મુક્ત રીતે ભોગવી શકે, તેવા તમામ અધિકારોને માનવ અધિકારો ગણી શકાય. જીવન જીજીવિષા સાથે જીવંતતાપૂર્ણ જીવી શકે, તે માટે પ્રત્યેક માનવીના પોતાના અધિકારો આવશ્યક છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ ૨૦૨૪ની થીમ પઆપણા અધિકારો, આપણું ભવિષ્ય – અત્યારે જથ રાખવામાં આવી છે.સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના ખ્યાલનો ઉદભવ અને વિકાસ ૧૩મી સદીમાં ઈગ્લેન્ડમાં બનાવાયેલા લેખિત દસ્તાવેજ નમેગ્નાકાર્ટાથને ગણી શકાય. આ દસ્તાવેજથી માનવ અધિકારો ઈગ્લેન્ડની પ્રજાને આપવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૧૪થી ઈ.સ. ૧૯૧૯, પ્રથમ વિશ્વયુદ્ધ સમયે માનવ અધિકારો માટે વૈશ્વિક કાયદો બનાવવા વિશે ચર્ચાઓ શરૂ થઈ હતી પરંતુ તે ખ્યાલ વિશે સર્વસંમતિથી કાયદો બનાવી શકાયો ન હતો. ત્યારબાદ ઈ.સ. ૧૯૪૫માં વૈશ્વિકસ્તરે માનવીને માનવ તરીકે મળતા અધિકારો અંગે સૌપ્રથમ વખત નમાનવ અધિકારથ શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. માનવ અધિકાર શબ્દનો અર્થ સમજતા પહેલા અધિકાર શબ્દને સમજવો જરૂરી છે. અધિકાર એટલે માનવીનું હિત, કે જે કાયદા દ્વારા સુરક્ષિત રાખવામાં આવેલું હોય. સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના રક્ષણ અર્થે સંયુક્ત રાષ્ટ્ર સંઘે સૌ પ્રથમ વખત યુનિવર્સલ ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ નામનો દસ્તાવેજ બનાવ્યો હતો. આ ઘોષણાપત્રમાં જણાવ્યું હતું કે તમામ માનવીઓ તેમના અધિકારો અને ગૌરવ બાબતમાં જન્મથી સમાન છે અને તમામને કોઈપણ જાત, રંગ (કાળા-ગોરા), વર્ણ, જાતિ (સ્ત્રી-પુરૂષ), ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય વિચારો, રાષ્ટ્રીય કે સામાજીક મૂળ (વતન), મિલકત, જન્મ કે અન્ય કોઈ હોદ્દાના તફાવત વિના તમામ અધિકારો અને સ્વતંત્રતાઓ પ્રાપ્ત થાય છે.માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ મુજબ માનવ અધિકાર એટલે સંવિધાનથી બાંહેધરી આપેલા અથવા આંતરરાષ્ટ્રીય કરારનામામાં સમાવેલા અને ભારતમાં ન્યાયાલયો અમલમાં મૂકી શકે તેવા, વ્યક્તિઓના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ માનવ અધિકાર ભંગના રક્ષણ અર્થે કાર્યરત છે. ભારતીય બંધારણ મુજબ માનવ અધિકારોના ભંગ બદલ રાજ્યસેવક વિરુદ્ધ જ ફરિયાદ કરી શકાય છે, તેની ફરિયાદ વ્યક્તિ-વ્યક્તિ વિરુદ્ધ દાખલ કરી શકાતી નથી. માનવ અધિકારોના ભંગના કિસ્સામાં કોર્ટમાં ફરિયાદ કરી શકાય છે. ઉપરાંત, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અને રાજ્ય માનવ અધિકાર આયોગ સમક્ષ લેખિત ફરીયાદ કરીને પણ કાર્યવાહી કરી શકાય છે. મહિલાઓ રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાજ્ય મહિલા આયોગને માનવ અધિકાર ભંગની ફરિયાદ કરી શકે છે. તેમજ અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિના લોકો રાષ્ટ્રીય અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ આયોગ સમક્ષ ફરિયાદ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની વેબસાઈટ .લતવભિ.લીષફફિ.લિજ્ઞદ.શક્ષ ની ફરિયાદ નિવારણ માટે મુલાકાત લઈ શકાશે.

# ધંધો-રોજગાર શરૂ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બેંકો મારફતે રૂા.૨ લાખ સુધીની લોન

## ■ એન.યુ.એલ.એમ. બેંકેબલ યોજનામાં ૭% ઉપરના વ્યાજની સબસીડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા પ્રોજેક્ટ શાખાના ઉઅઢ-ગઅકખ દ્વારા શહેરના રોજગાર વાન્છુક લોકોને જાણ કરવામાં આવે છે કે, દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજનાનાં સ્વ-રોજગાર બેંકેબલ યોજના (જઊડ-ઈ) ઘટક હેઠળ ધંધો રોજગાર શરૂ કરવા માટે રૂ.૨,૦૦,૦૦૦/-ની મહત્તમ મર્યાદામાં રાષ્ટ્રીયકૃત બેંક મારફત ધિરાણ મળવાપાત્ર છે તથા આ યોજનાના લાભાર્થીને ૭%થી વધુ વ્યાજ ઉપર વ્યાજ સબસીડી મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ લેવા માટે સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજનાનું બી.પી.એલ.કાર્ડ, બી.પી.એલ., રેશનકાર્ડ, આવાસના લાભાર્થી તથા અનુ,જાતિ, અનુ,જનજાતિના લાભાર્થીઓ તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-આયુષ્યમાન ભારત કાર્ડ ધરાવતા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકે. ભારત સરકારશ્રી પુરસ્કૃત આ યોજનામાં શહેરી ગરીબોને ધંધા રોજગાર શરુ કરવા અથવા રોજગારના વિકાસ માટે લાભ આપવામાં આવે છે. લોનમાં ૭%થી ઉપરના વ્યાજની સબસીડી તરીકે સહાયતા પ્રાપ્ત થાય છે. લોન ભરપાઈ કરવાનો સમયગાળો ૫ વર્ષથી ૭ વર્ષ રહેશે.

જરૂરી પ્રમાણપત્રો




પાસપોર્ટ ફોટોગ્રાફ
ચૂંટણી કાર્ડ આધાર કાડ પાન કાર્ડ સ્કુલ લીવીંગ/જન્મનો દાખલોઆવકનું પ્રમાણપત્ર
મકાન વેરા બિલડ્રાઈવિંગ લાયસન્સ (વાહન લોન માટે)
લાઈટ બિલભાડે રહેતા હોય તો ભાડા ચિઠ્ઠી/સહમતી પત્રક
કવોટેશન ઓરિજિનલબેંક ખાતાની પાસબુકની નકલ આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓને કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ડો.આંબેડકર ભવન ગઅકખ-ઈઊકક રાજકોટ મહાનગરપાલિકા, ઢેબરભાઈ રોડ, ક્રેડીટ સોસાયટીની ઉપર, પ્રથમ માળ ખાતે સંપર્ક કરવો.

# ખેતીની જમીન વેચાણ તથા ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર મેળવવા I-ORA પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવી શકાશે

## ખેડુત ખાતેદાર ખરાઈ માટે તા.૦૬/૦૪/૧૯૯૫ પહેલાનું રેકર્ડ ધ્યાને ન લેવા સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે તથા ઓનલાઈન પ્રક્રિયાના ભાગરૂપે ખેડુત ખરાઈના પ્રમાણપત્ર મેળવવા બાબતેની સમગ્ર પ્રક્રિયા રાજ્યમાં ઓનલાઈન કરાઈ છે, આવી વિવિધ પરવાનગીઓ મેળવવા માટે ઈ-ધછઅ પોર્ટલ ઉપર ઓનલાઈન કાર્યપધ્ધતી નક્કી થયેલ છે.

જે મુજબ ખેતીની જમીનના વેચાણના કિસ્સામાં હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડુત ખાતેદાર પાસેથી ખેડુત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવામાં આવે છે. ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડુત ખરાઈની ચકાસણીમાં તા.૦૬/૦૪/૧૯૯૫ અગાઉનો રેકર્ડ ધ્યાને લેવાનો રહેશે નહિં. ખેતીની જમીનની હકકપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડુત ખાતેદારે ખેડુત ખાતેદાર હોવા બાબતનું સોગંદનામુ રજુ કરવાનું રહેશે. વેચાણ નોંધ પ્રમાણીત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે સક્ષમ મહેસુલી સત્તાધિકારીએ ખેડુત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહિ તેમજ ખેડુત હોવા અંગે ઉપલબ્ધ ઓનલાઈન રેકર્ડ ચકાસણી કરી ખેડુત ખરાઈ કરી તે અંગેનો શેરો કરવાનો રહેશે. આમ ખેતીની જમીનના વેચાણના મુદ્દે રેકર્ડની બીન ઉપલબ્ધતા તથા ખેડુત ખરાઈ પ્રમાણપત્ર મળવા અંગે અરજદારશ્રીઓને હાલાકીઓ ન થાય તે ધ્યાને લઈ વેચાણની નોંધ પ્રમાણીત કરતી વખતે ખેડુત ખાતેદાર ખરાઈ તા.૦૬/૦૪/૧૯૯૫ પહેલાનું રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે નહીં, તેમ નિવાસી અધિક કલેકટર શ્રી એ. કે. ગૌતમની યાદીમા જણાવાયું છે.

# રાજકોટમાં ડેંગ્યુ ત્રેવડી નહીં ચોવડી સદી ફટકારવા તરફ : વધુ ૬ કેસ

## મચ્છર ઉત્પત્તિ સ્થાન મળી આવતા ૪૪૮ લોકોને નોટિસ : શહેરમાં શરદી-ઉધરસના ૧૦૫૮, તાવના ૮૫૦ કેસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શિયાળાની જમાવટ સાથે જ રાજકોટમાં રોગચાળો થોડો હળવો પડ્યો છે, મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના સત્તાવાર આંકડા મુજબ છેલ્લા એક અઠવાડિયામાં શહેરમાં ડેંગ્યુના ૬ નવા કેસ નોંધાયા છે, નોંધનીય છે કે, અત્યાર સુધીમાં રાજકોટમાં ડેંગ્યુના ૩૯૪ કેસ નોંધાઈ ચુક્યા છે. જો કે, ગત સપ્તાહમાં મેલેરીયાનો નવો કેસ નોંધાયો ન હતો. સાથે જ સપ્તાહમાં શરદી-ઉધરસના ૧૦૫૮, તાવના ૮૫૦ કેસ નોંધાયા હતા. રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલ રિપોર્ટ મુજબ શહેરમાં તા. ૨-૧૨થી ૮-૧૨ સુધીના સપ્તાહમાં ડેંગ્યુના ૬ અને ચીકનગુનીયાનો એક કેસ બહાર આવ્યો હતો. જયારે શરદી-ઉધરસના ૧૦૫૮, સામાન્ય તાવના ૮૫૦ અને ઝાડા-ઉલ્ટીના ૧૫૪ ઉપરાંત ટાઈફોઈડના ૩ નવા દર્દીઓ સામે આવ્યા હતા. ઉપરાંત અઠવાડિયામાં મેલરિયા વિભાગના સર્વેમાં મચ્છર ઉત્પતિ સ્થાનો વાળા રહેણાંકમાં ૩૨૯ અને કોર્મશીયલ ૧૧૯ આસામીને નોટીસ આપવામાં આવી હતી.આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે, ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે





મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ સપ્તાહમાં ૩૧,૬૨૨ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૧૩૦૮ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વ્હીકલ માંઉન્ટેડ ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લઈ જુદા જુદા વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો અંગે તપાસ કરી નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવી હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

# રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે જેલ સલાહકાર તેમજ જેલ મુલાકાતી સમિતિનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આઈ.પી.સી. ૪૩૨-એ તથા બી.એન.એસ.૪૭૩ મુજબ આજીવન કેદની સજા વાળા કેદીઓ દ્વારા ૧૪ વર્ષ પુર્ણ કરેલ હોય તેવા કેદીઓને જેલ સલાહકાર સમિતિ દ્વારા સમીક્ષા કરી સરકાર દ્વારા સજાની માફી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તા.૦૯/૧૨/૨૦૨૪ના જીલ્લા મેજીસ્ટ્રેટ પ્રભવ જોષી સાહેબનાઓના અધ્યક્ષ સ્થાને જેલ સલાહકાર સમિતિનું આયોજન કરવામાં આવેલ હતુ. આ મીટીંગમાં સભ્ય સચિવ તરીકે રાજકોટ મધ્યસ્થ જેલ અધિક્ષક રાઘવ જૈન, તેમજ સભ્યો તરીકે ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા અને દર્શીતાબેન શાહ, ડિસ્ટ્રિક્ટ જજ વતી ૪થા એડી. સેશન્સ જજ વી.એ.રાણા, પોલીસ કમિશ્નર વતી નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા, સમાજ કલ્યાણ અધિકારી બારોટ તેમજ સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહેલ હતા. આ સમિતિમાં ૧૪ વર્ષ પુર્ણ કરેલ પાકા કામના ૧૮ પુરૂષ બંદીવાનોના કેસ સમિતિ સમક્ષ અભિપ્રાય માટે રજુ કરવામાં આવેલ હતા. ઉક્ત તમામ કેસ પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહિવટ. ગુજરાત રાજ્ય મારફતે સરકાર માં મંજુરી અર્થે મોકલવામાં આવશે. અત્રેની જેલના સિનિયર જેલર (જ્યુડી) એમ.આર.ઝાલા તેમજ જ્યુડીશ્યલ શાખાના જેલર વી.કે.પારધીનાઓ તથા તેઓની ટીમે ઉક્ત સમિતિને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ હતી. વધુમાં તા.૦૯/૧૨/૨૦૨૪ના જીલ્લા મેજીસ્ટ્રેટશ પ્રભવ જોષી ના અધ્યક્ષ સ્થાને જેલ મુલાકાતી સમિતિનુ આયોજન કરવામાં આવેલ હતું. આ





મીટીંગમાં સભ્ય સચિવ તરીકે રાજકોટ મધ્યસ્થ જેલ અધિક્ષક રાઘવ જૈન, તેમજ સભ્યો તરીકે મેયરશ નયનાબેન પેઠડીયા, ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા અને પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય જયપાલસિંહ રાઠોડ, પોલીસ કમિશ્નર વતી નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા તેમજ સરકાર દ્વારા નિમવામાં આવેલ સરકારી તથા બિનસરકારી સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ સમિતિમાં સભ્ય સચિવ તરીકે રાજકોટ મધ્યસ્થ જેલ અધિક્ષક રાઘવ જૈનનાઓ દ્વારા વિવિધ એજન્ડાઓ રજુ કરવામાં આવેલ હતા. જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા સબંધીતો વિભાગોને જરૂરી સુચનાઓ કરી હકારાત્મક અભિગમ દાખવવામાં આવેલ હતો. જીલ્લા મેજીસ્ટ્રેટ તથા કમિટીના સભ્યો દ્વારા જેલની અંદર રાઉન્ડ લઈ બંદીવાનોની રજુઆતને સાંભળવામાં આવેલ હતી. અધ્યક્ષા તેમજ સમિતિના સભ્યઓ દ્વારા જેલની શિસ્ત અને સલામતીની કામગીરી અને ઉદ્યોગ વિભાગની કામગીરીને બિરદાવેલ હતી. સમિતિના સમાપનમાં રાજકોટ મધ્યસ્થ જેલ અધિક્ષક રાઘવ જૈનનાઓ દ્વારા આમંત્રિત તમામનો આભાર વ્યક્ત કરી સમિતિની બેઠકનું સમાપન કરેલ હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

